# 16. ગતિભંગ

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) 'આપણી બબલીની જ પગલી જાણે!' આ વાક્ય કોણ બાલે છે?

(A) સ્ટેશન માસ્તર

(B) ડુંગર

(C) ડુંગરની પત્ની

(D) ડુંગરની મા

2) ડુંગર અને તેની વહુ કયા સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં?

(A) રાજપુર

(B) વરતેજ

(C) ધોરાજી

(D) ગાંધીધામ

2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું?

- ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને પોતાની મૃત પુત્રી બબલી યાદ આવી.

2) ડુંગરે પોતાની નજર કયાં સ્થિર કરી?

- ડુંગરે પોતાની નજર ગગનના માર્ગ તરફ સ્થિર કરી.

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

1) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે?

- ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે તેણે જમીન પર એક ઘાટીલી પગલીની છાપ જોઈ. એ છાપ જાણે તેની મૃત બબલીની પગલીથી જ હોય તેવી હતી. મૃત સંતાનની સ્મૃતિથી હાલી ઊઠેલી તે અટકી ગઈ.

2) “લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.” તેમ ડુંગરની પત્નીએ શા માટે કહ્યું ?

- “લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.” તેમ ડુંગરની પત્નીએ પતિને સાવધ કરવા માટે કહ્યું.

4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો:

1) પુત્રી ખોયાની માતા-પિતાની વેદના ‘ગતિભંગ’ પાઠના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

- ડુંગર અને તેની પત્ની રાજપુર સ્ટેશને પહોંચી ગાડી પકડવા ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. ત્યાં અચાનક એ માર્ગે ડુંગરની પત્નીની ચાલવાની ગતિ થંભી ગઈ. તેણે પ્રયત્ન કર્યો, પણ તેનામાં આગળ ચાલવાની શક્તિ રહી નહોતી. એ માર્ગે તે તેની મૃત પુત્રી બબલીની પગલીની છાપને વારંવાર શોધતી રહી. અંતે તેને આંગળાની બોર જેવી પોતાની બાળકીની પગલીની છાપ દેખાઈ અને તેને મૃત બબલીની યાદ આવી ગઈ. ખેતરે જતાં અને આવતાં આગળ ને આગળ દોડી જતી બબલીની પગલીઓ તેના હૈયામાં વસી ગઈ હતી. આથી તે એક ડગલું પણ ચાલી શકતી નહોતી. આ જોઈને ડુંગર પહેલાં તો ગુસ્સે થાય છે, કેમ કે તેને થાય છે કે આમ ગતિ ધીમી પડી જતાં મોડું થશે તો ગાડી ચૂકી જવાશે. ‘ગાંડી, એવા પગલાં તો ઘણાંય હોય.' એમ કહીને ડુંગર તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે અને તેને આગળ ચાલવા કહે છે, પરંતુ તે પણ પોતાની મૃત બાળકીની યાદમાં ઝૂરતી પત્નીને વધુ કંઈ કહી શક્યો નહિ. તેણે પોતાની નજર આકાશના કોઈ માર્ગ તરફ વાળી લીધી. પતિ-પત્ની બંને સ્થિર થઈ જાય છે. છેવટે પતિને જોઈ સાવધ બનેલી પત્નીએ કહ્યું: “લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.” આ શબ્દોમાં લેખકે વેગથી ચાલ્યા જતાં પાત્રોની મનોવેદનાને ખૂબ સંયમથી વ્યક્ત કરી છે.